# મે.અમદાવાદના આઠમા જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં, મુ.અમદાવાદ મીરઝાપુર (ગ્રામ્ય)

**ફોજદારી કેસ નંબર:૪૬૪૬/૧૮**
**આંક :....**

**શ્રી સરકાર :::::  ફરીયાદી**

**વિરુઘ્ઘ**

**આરોપીઓ: બળદેવભાઈ સોમાભાઈ પારઘી**

**:: ચુકાદો ::**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે તા. .. ના રોજ કલાક.. વાગ્યે ઉપરોકત તમામ આરોપીએ ગુન્હો કરેલ હોય, આરોપી વિરુઘ્ઘ ગુન્હાની ફરીયાદી નાંઘી, તપાસ પૂર્ણ કરી આ અદાલતમાં ભારતીય દંડ સંહિતા, ૧ ૮૬૦ ની કલમ જુગાર ૧૨ મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ (સંહિતા) ની કલમ –૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પૂરી પાડવામાં આવી.ત્યારબાદ આરોપીએ ગુન્હો કબુલ હોવાનુ જણાવી અલગથી ગુન્હા કબુલાત પુરશીશ **આંક– થી** ૭ થી આપેલ છે.ત્યારબાદ સદર ગુન્હા સબંઘેની આરોપીની પ્લી **આંક: થી** નોઘવામાં આવેલ છે જેમા પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાય છે.આરોપીએ ગુન્હાની કબુલાત કોઈ પણ જાતના દબાણ વગર ,સ્વેચ્છાએ કરેલ છે તેની ખાતરી કરવામાં

આવ્યાબાદ આરોપીને ગુન્હાની કબુલાત નોધી આ કામે રેકર્ડ ઉપર લેવામા આવેલ છે અને આરોપીને ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની **જુ.ધા.૧૨** મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તક્ષિરવાન ઠરાવવામાં આવે છે. આરોપીએ ગુન્હાનો એકરાર સ્વેચ્છીક રીતે કરેલ છે અને લેખીત તેમજ મૌખિક રજુઆત કરેલ છે કે તેઓ ગરીબ માણસ છે, પ્રથમ વખત ભૂલ થયેલ છે. કુટુંબ કબીલાવાળા માણસ છે. કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના ઉપર છે. ગુન્હો કરવા બદલ પસ્તાવો વ્યકત કરેલ છે તેમજ ફરી વખત આવો ગુન્હો નહી કરવાની ખાતરી આપેલ છે આથી દયા કરવા અરજ ગુજારેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફથી એવુ કોઈ રેકર્ડ રજુ થયેલ નથી કે આરોપીએ અગાઉ ગુન્હો કરેલ હોય, જેથી આરોપીનો પ્રથમ ગુન્હો હોવાનું જણાય છે. તેમજ કુટુંબના જવાબદારી તથા આરોપીએ કરેલ પશ્ચાતાપ ધ્યાને લેતા તેમજ આરોપીએ આવા પ્રકારનો ગુન્હો નહી કરવાની ખાતરી આપતા હોવાથી આરોપીને સુધારવાની તક આપવી જોઈએ.આવા સજોગોમાં આરોપીની સામેનું તહોમત તેમજ ગુન્હાની ગંભીરતા અને સજાની જોગવાઈ તેમજ આરોપીની રજુઆત ધ્યાને લેતા, આરોપીની વિરુધ્ધ આ પ્રથમ પ્રકારનો હોય, ન્યાયના હીતમાં, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

આરોપીઓ :-**બળદેવભાઈ સોમાભાઈ પારઘી**

રહે. અમદાવાદ વાળાને ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ-૨૫૨

અન્વયે ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ ની જુ.ધા.૧૨ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપી દિઠ રૂા. ૧૦૦/– કુલે(અંકે રૂપિયા સો પુરા) નો દંડ કરવામાં આવે છે.

જો આરોપી દંડ ન ભરેતો તેઓએ ત્રણ દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

આરોપીના જામીન ખત અને જાત મુચરકા રદ કરવામા આવે છે.

હુકમ આજ તારીખ ૨૨ મી, માહે : જુલાઈ ,સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :૨૨–૦૭–૨૦૧૮

(ટી.એ ભાડજા )
૮ માં એડી.સીવીલ જજ તથા જ્યુ.મેજી. ફ.ક.
(ગ્રામ્ય) મીરઝાપુર,અમદાવાદ
યુ.આઈ.સી.કોડ નં. ૦૧૩૯૯